BRTS રૂટમાં કારની અડફેટે ૨૦ વર્ષીય યુવકનું મોત

સુરત : અમરોલી-કોસાડ આવાસમાં રહેતો ૨૦ વર્ષીય સકીલ સબ્બીરભાઈ શેખ ૧૩ સપ્ટેમ્બરની રાત્રે પોતાના ભાઈ અને મિત્રો સાથે ગણેશજીનું આગમન જોવા ગયો હતો. દરમિયાન બીઆરટીએસ રૂટમાં ઊભો રહી આગમન નિહાળી રહેલા સકીલને પૂરઝડપે આવેલી કારના ચાલકે અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સકીલને ગંભીર ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે તેને અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન ગઈકાલે રાત્રે સકીલનું મોત થયું હતું. રાંદેર તાડવાડી વિસ્તારમાં બનેલી આ ઘટનાએ ગણેશ આગમન જેવા જાહેર કાર્યક્રમો દરમિયાન બીઆરટીએસ રૂટમાં વાહનોની અવરજવર અને સલામતીનો મુદ્દો પણ ફરી ચર્ચામાં લાવ્યો છે.

લોનના હપ્તાની ચિંતામાં સચિનના યુવકે જીવન ટુંકાવ્યું

સુરત: મૂળ મહારાષ્ટ્રનો વતની ચેતન રવિન્દ્ર બાવિસ્કર (ઉ.વ.૨૮) સચિનના બોણંદ ગામ નજીક આવેલા રાહી ડ્રીમ વિલામાં માતા સહિતના પરિવાર સાથે રહેતો હતો. ચેતન છૂટક મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ચેતને તાજેતરમાં લોન પર નવી બાઇક લીધી હતી. જોકે, છેલ્લા કેટલાક સમયથી કામધંધો બરાબર ન ચાલતાં આવકમાં ઘટાડો થયો હતો. આર્થિક જવાબદારીઓ અને હપ્તાની ચિંતાને કારણે તે તણાવમાં રહેતો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ દરમિયાન બુધવારે વહેલી સવારે ચેતને પોતાના ઘરે આપઘાત કરી લીધો હતો. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી.

મની લોન્ડરિંગ કેસમાં આરોપીના જામીન નામંજૂર

સુરત: ચોકબજાર સિંધીવાડમાં રહેતા અને ઓનલાઈન ટ્રાવેલિંગ બુકિંગની ઓફિસની આડમાં હવાલા નેટવર્ક ચલાવતા મકબુલ ડોક્ટરને ત્યાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપએ દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે ૪૯૭ સીમકાર્ડ, ૩૮ ક્રેડિટ કાર્ડ, ૧૬ લાખ રોકડા તેમજ સાઉદી અરેબિયા, યુએઇ, થાઇલેન્ડ અને કંબોડી સહિત ૯૦ હજારની વિદેશી ચલણ જપ્ત કરી મકબુલ ડોક્ટર તથા બે પુત્ર કાસીફ અને માંઝ તેમજ દુબઇના સૂત્રધાર મહેશ મફતલાલ દેસાઈની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસ સુરતની ઈડી કોર્ટમાં ટ્રાન્સફર થયો હતો. આરોપી મહેશ દેસાઇએ જામીન મુક્ત થવા માટે સુરત ઈડી કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વિશાલ ફળદુએ જામીન અરજી નો વિરોધ કરતી દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે રજૂ થયેલા દસ્તાવેજો અને દલીલોને ધ્યાને રાખીને આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

સુરત સ્ટેશનના પાર્કિંગમાંથી મોબાઈલ ચોર ઝડપાયો, 13 ચોરીની કબૂલાત

સુરત: પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝન હેઠળ આવતી લોકલ ક્રાઇમ બ્રાન્ચ સુરત (GRP)એ વાપી રેલવે પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતો ફરતો આરોપીને સુરત રેલવે સ્ટેશન પરથી ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે પોલીસે સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું. ત્યાંથી વાપીના ગુનામાં વોન્ટેડ આરોપીને દબોચી લેવામાં આવ્યો હતો. તેની પાસે રહેલી થેલીની તપાસ કરતા તેમાંથી અલગ-અલગ કંપનીના ૪ મોબાઈલ ફોન મળી આવ્યા હતા, જેની કુલ કિમત રૂપિયા ૬૯,૦૦૦ આંકવામાં આવી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેણે કબૂલ્યું હતું કે છેલ્લા આઠ મહિના દરમિયાન તેણે વાપી, ઉધના, સુરત અને નવસારી રેલવે સ્ટેશનો પર તેમજ વાપીથી સુરત વચ્ચે દોડતી ટ્રેનોમાં મુસાફરી દરમિયાન મુસાફરોના કુલ 13 મોબાઈલ ફોન ચોરી કર્યા છે. આરોપી ભીડનો લાભ લઈને મુસાફરોના બિસ્સા અને બેગમાંથી મોબાઈલ કાઢી લેતો હતો.

યાર્નના અસામાન્ય ભાવવધારા અને નબળી ડિમાન્ડ વચ્ચે

હાઈસ્પીડ વીવિંગ ઉદ્યોગ 'મહાચિંતન' બેઠક યોજશે

ઓવર પ્રોડક્શન, પેમેન્ટ સાયકલ ખોરવાતા વીવર્સની મુશ્કેલી વધી; રેપિયર-જેકાર્ડ-એરજેટ સહિત 8થી 10 હજાર વીવર્સને એક મંચ પર લાવવાની તૈયારી

સુરતઃ સુરતનો કરોડરજ્જુ ગણાતો વીવિંગ ઉદ્યોગ હાલ યાર્નના ભાવમાં અસામાન્ય વધઘટ, ગ્રે કાપડના ઓવર પ્રોડક્શન અને નબળી ડિમાન્ડના ત્રિપલ પડકાર વચ્ચે ફસાયો છે. યાર્ન મોંઘું બનવા છતાં તૈયાર ગ્રે કાપડને પોષણક્ષમ ભાવ ન મળતા વીવર્સના માર્જિન પર સીધી અસર પડી છે. બીજી તરફ, બજારમાં પેમેન્ટ સાયકલ ખોરવાતાં રોકડ પ્રવાહની સમસ્યા પણ ગંભીર બની રહી છે. દિવાળીની સિઝન માટે હવે માત્ર બે મહિનાનો સમય બાકી હોવાથી ઉદ્યોગમાં ચિંતા વધુ ઘેરી બની છે. આ સ્થિતિમાં રેપિયર, જૅકાર્ડ, એરજેટ, વોટરજેટ અને પાવરલૂમ સહિતના વીવિંગ સેક્ટરને એક મંચ પર લાવી આગામી રણનીતિ નક્કી કરવા વિશાળ 'મહાચિંતન સભા' યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉદ્યોગ અગ્રણીઓના જણાવ્યા મુજબ આ બેઠકમાં અંદાજે 8,000થી 10,000 વીવર્સને એક મંચ પર લાવવાનું આયોજન થઈ રહ્યું છે.

રેપિયર જૅકાર્ડ એન્ડ એરજેટ એસોસિએશનના અગ્રણી હરેશ પટેલે જણાવ્યું હતું કે યાર્નના ભાવમાં અસામાન્ય વધારો થયો છે, જ્યારે ગ્રે કાપડનું ઓવર પ્રોડક્શન થવાથી બજારમાં માલનો ભરાવો થયો છે. બીજી તરફ, વીવર્સની પેમેન્ટ સાયકલ ખોરવાઈ છે. દિવાળીની સિઝનને હવે માત્ર બે મહિનાનો ટૂંકો સમય રહ્યો છે ત્યારે બજારમાં ફ્રોડ પાર્ટીઓ અને શંકાસ્પદ બ્રોકરો પણ સક્રિય થવાની શક્યતા હોવાથી સાવચેતી જરૂરી છે. રેપિયર, જૅકાર્ડ અને એરજેટ વીવર્સની સંયુક્ત બેઠક યોજીને આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે. રેપિયર જૅકાર્ડ વિવર્સ એસોસિએશનના પ્રમુખ સી.કે. માણિયાએ જણાવ્યું હતું કે વર્તમાન બજાર પરિસ્થિતિમાં વીવર્સને પોષણક્ષમ ભાવો મળી રહ્યા નથી. યાર્નના ભાવોમાં શેરબજારની જેમ સતત વધઘટ થઈ રહી છે. આવા સંજોગોમાં ઉદ્યોગની સમસ્યાઓ અંગે સામૂહિક ચર્ચા અને આગળની દિશા નક્કી કરવા માટે 'મહાચિંતન મિટિંગ' યોજવા વીવર્સનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

એરજેટ વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયૂર ધોળિયાએ જણાવ્યું હતું કે યાર્નના અસમાન ભાવવધારાથી સમગ્ર પ્રોડક્શન ચેઈન ખોરવાઈ છે. એક તરફ વીવર્સ તરફથી ઓવર પ્રોડક્શન થઈ રહ્યું છે, તો બીજી તરફ યાર્ન અને કાપડ મોંઘા થતાં દિવાળીની સિઝનની ડિમાન્ડ પર પણ અસર પડી છે. હાઈસ્પીડ વિવિંગ ઉદ્યોગ અને બજારને ટકાવી રાખવા માટે સંયુક્ત બેઠક બોલાવી રણનીતિ ઘડવાનો નિર્ણય લેવાયો છે. દિવાળી પૂર્વેના વેપારને ધ્યાનમાં રાખીને ઉદ્યોગ અગ્રણીઓએ વીવર્સ અને વેપારીઓને ફ્રોડ પાર્ટીઓ તથા શંકાસ્પદ દલાલોથી સાવચેત રહેવા પણ અપીલ કરી છે. ખાસ કરીને અજાણી પેઢીઓને માલ આપતા પહેલાં તેમની વિશ્વસનીયતા અને પેમેન્ટ ક્ષમતા ચકાસવા પર ભાર મૂકાયો છે. પેમેન્ટની ખાતરી વિના વધારાનું જોખમ ન લેવાની પણ સલાહ આપવામાં આવી છે. હવે યોજાનારી મહાચિંતન સભામાં યાર્નના ભાવ, ઓવર પ્રોડક્શન, કાપડની ડિમાન્ડ, પેમેન્ટ સાયકલ, બજારમાં વધતી છેતરપિંડી અને દિવાળી સિઝન સહિતના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. ઉદ્યોગ અગ્રણીઓનું માનવું છે કે વર્તમાન પડકારો સામે વીવર્સ એકજૂટ થઈને સામૂહિક રીતે આગળની દિશા નક્કી કરે તે સમયની જરૂરિયાત છે.

ઉધના ઝોનમાં 2 કરોડના વોટર રિચાર્જ વેલનું આજે ખાતમુહૂર્ત

વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે 151 સ્થળે રિચાર્જ બોરવેલ બનાવવાની કવાયત

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મેયર હાજર રહેશે

સુરત : સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ચોમાસાના વરસાદી પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભ જળ રિચાર્જ કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનો અને સોસાયટીઓ નજીવા દરે ફોર્મ ભરીને પોતાની સોસાયટીના કોમન પ્લોટ કે કમ્પાઉન્ડમાં રિચાર્જ બોરવેલ બનાવી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અવિરત 25 વર્ષની જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાત રાજ્યમાં આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં 151 સ્થળોએ વોટર રિચાર્જ બોરવેલ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત 17 સપ્ટેમ્બરે સવારે 10 વાગ્યે વિનાયક નગર સોસાયટી પાસે ખાતમુહૂર્તવિધિ કરાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મેયર માયાબેન માવાણી પણ હાજર રહેશે.

ઝારખંડમાં જેની 'હત્યા'નો ગુનો નોંધાયો તે મહિલા સુરતમાંથી જીવતી મળી આવી

મર્ડર મિસ્ટ્રીમાં ચોંકાવનારો ટ્વિસ્ટ: રાંચીમાં પિતાએ જ પતિ અને સાસરિયાઓ પર દીકરીને મારી નાખી લાશ છુપાવી દેવાનો આક્ષેપ કર્યો હતો

સુરતઃ ઝારખંડ રાજ્યના રાંચી જિલ્લાના ખેલારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા એક સનસનાટીભર્યા હત્યાના ગુનામાં સુરત શહેરની સચિન GIDC પોલીસે ચોંકાવનારો પર્દાફાશ કર્યો છે. જે મહિલાની કરપીણ હત્યા કરી તેની લાશ છુપાવી દેવાઈ હોવાની ગંભીર ફરિયાદ સાસરીયાઓ સામે દાખલ થઈ હતી, તે જ મહિલા સુરતના સચિન GIDC વિસ્તારમાંથી જીવતી ને સજાગ મળી આવતા સમગ્ર પોલીસ બેડા સહિત ઝારખંડમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. સચિન GIDC પોલીસની ટીમે સમયસૂચકતા અને બાતમીના આધારે આ મહિલાને શોધી કાઢીને કથિત મર્ડર મિસ્ટ્રીનો ઉકેલ લાવી પ્રસંશનીય કામગીરી કરી છે.

ઝારખંડના રાંચી જિલ્લાના ખેલારી પોલીસ સ્ટેશન ખાતે ગત તા. ૦૨/૦૯/૨૦૨૬ના રોજ હત્યાનો સંગીન ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસના ફરિયાદી (મહિલાના પિતા)એ આક્ષેપ કર્યો હતો કે તેમની દીકરી વિણી દેવી ઉર્ફે વિણા દેવીને તેના પતિ સામુ બંધુ મહતો તથા સાસરી પક્ષના અન્ય સભ્યોએ ભેગા મળીને મોતને ઘાટ ઉતારી દીધી છે અને પુરાવાનો નાશ કરવા માટે લાશને ક્યાંક છુપાવી દીધી છે. આ ગંભીર ગુનાની તપાસ ઝારખંડ પોલીસ કરી રહી હતી. દરમિયાન આ ગુના સંબંધિત કડીઓ સુરત તરફ લંબાતાં સચીન GIDC પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, રાંચી પોલીસ સ્ટેશનમાં જેની હત્યા થઈ હોવાનું ચોપડે નોંધાયું છે તે મહિલા સુરતમાં જ વસવાટ કરે છે.

આ બાતમીના આધારે પોલીસે સચીન GIDC વિસ્તારમાં આવેલા શિવાંજલી સોસાયટી પાસેની 'રાજુભાઈની ચાલ'માં દરોડો પાડ્યો હતો. જ્યાંથી મૃત જાહેર કરાયેલી ૩૬ વર્ષીય મહિલા વિણી દેવી ઉર્ફે વિણા દેવી (પુત્રી છઠ્ઠુ ગિરધારી ગોપ, પત્ની સામુ બંધુ મહતો) સહીસલામત મળી આવી હતી. મહિલા જીવતી મળી આવતા જ હત્યાના બોગસ કેસ પરથી પડદો ઊંચકાઈ ગયો છે.

મનપાની ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગની લેખિત પરીક્ષા 11 ઓક્ટોબરે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ત્રીજી શ્રેણી કલાર્ક સંવર્ગની વિવિધ જગ્યાઓ પર સીધી ભરતી માટે ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી 11/10/2026ના રોજ યોજાશે. આ પરીક્ષા સુરત, અમદાવાદ અને રાજકોટ શહેરોમાં આયોજિત કરવામાં આવશે. પરીક્ષા અંગેનો સિલેબસ અને અન્ય જરૂરી સૂચનાઓ અગાઉથી જ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરી દેવાયા છે, જ્યારે પરીક્ષા કેન્દ્રનું સ્થળ અને સમય સહિતની વિગતો ઉમેદવારોને ઓનલાઈન કોલ લેટર મારફતે પૂરી પાડવામાં આવશે. આ પરીક્ષામાં 40% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા અને અકસ્માત કે અન્ય કારણોસર અસ્થાયી દિવ્યાંગતા અનુભવતા ઉમેદવારો માટે લહિયાની સુવિધા પૂરી પાડવામાં આવશે.

હોલમાર્કિંગના ચાર્જમાં અચાનક વધારાથી જ્વેલર્સોમાં ભારે ચિંતા

ચાર્જ ઘટાડવા અથવા વજન-પ્રકાર આધારિત સ્લેબની માંગ સાથે સરકારમાં રજૂઆત કરાશે

સરકાર ઉદ્યોગની વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેશે

જ્વેલર્સોમાં એવી અપેક્ષા છે કે હોલમાર્કિંગ પ્રક્રિયા સરળ, પારદર્શક અને વાજબી ખર્ચે ઉપલબ્ધ રહે તે માટે સરકાર ઉદ્યોગની વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેશે. નવા સુધારા રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવવાના છે. જ્વેલર્સોના જણાવ્યા મુજબ નાના અને મોટા દાગીના, તેમ જ વિવિધ પ્રકારની વસ્તુઓ માટે એકસરખી પ્રતિ-વસ્તુ ફીનું માળખું વ્યવહારિક મુશ્કેલી ઊભી કરી શકે છે. ખાસ કરીને ઓછી કિમત અથવા ઓછા વજનના દાગીનામાં હોલમાર્કિંગનો ખર્ચ પ્રમાણમાં વધુ પડવાનો મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે.

સુરત : સોના-ચાંદીના દાગીનાના હોલમાર્કિંગ ચાર્જમાં અચાનક થયેલા વધારાને પગલે ગુજરાતના જ્વેલર્સોમાં ચિંતા વ્યાપી છે. જ્વેલર્સ માટે હોલમાર્કિંગ ફરજિયાત પ્રક્રિયા હોવાથી ફીમાં વધારો સીધી રીતે તેમના ખર્ચમાં વધારો કરે છે. આ મુદ્દે જ્વેલર્સની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને હોલમાર્કિંગ ચાર્જમાં ઘટાડો કરવા તથા દાગીનાના વજન અને પ્રકાર પ્રમાણે અલગ-અલગ સ્લેબ નક્કી કરવા માટે સરકાર સમક્ષ રજૂઆત કરવાની તૈયારી હાથ ધરાઈ છે.

નવા માળખા મુજબ માન્યતા પ્રાપ્ત Assaying and Hallmarking Centres (AHC) દ્વારા જ્વેલર્સ પાસેથી સોનાની વસ્તુ માટે પ્રતિ વસ્તુ રૂપિયા 75 હોલમાર્કિંગ ફી લેવામાં આવશે. જ્યારે એક કન્સાઈનમેન્ટ માટે લઘુત્તમ ફી રૂપિયા 200 નક્કી કરવામાં આવી છે. ચાંદીની વસ્તુઓ માટે પ્રતિ વસ્તુ રૂપિયા 35 અને એક કન્સાઈનમેન્ટ માટે લઘુત્તમ રૂપિયા 150 ફી રહેશે. આ ફી ઉપરાંત લાગુ પડતા કર પ્રવર્તમાન દર મુજબ અલગથી વસૂલવામાં આવશે.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે હોલમાર્કિંગ ચાર્જમાં અચાનક વધારો જ્વેલર્સ માટે વધારાનો ખર્ચબોજ ઊભો કરે છે. તેથી સરકાર સમક્ષ ફીમાં ઘટાડો કરવાની રજૂઆત કરવામાં આવશે. સાથે જ દાગીનાના વજન અને પ્રકારને ધ્યાનમાં રાખીને અલગ-અલગ સ્લેબ નક્કી કરવાની પણ ભલામણ કરાશે.

ધર્મેશ પટેલના નિધનથી મેહુલ પટેલ ફરી ઈ.શાસનાધિકારી બન્યા

ઉધના ઝોનના ઈ. આસિ. કમિ. પ્રવીણ પ્રસાદને ફરી સિટી લિંકની જવાબદારી

સુમન હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અવિનાશ એ.પટેલને સુમન સેલના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસરનો ચાર્જ

સુરતઃ મનપાના સુમન સેલ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઈનચાર્જ શાસનાધિકારી તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપતા અધિકારી ધર્મેશ પટેલનું ટૂંકી માંદગી બાદ અવસાન થયું હતું.

ગત શુક્રવારે સરકારી કામ અર્થે ગાંધીનગરથી પરત ફરતી વખતે અચાનક તબિયત લથડતાં તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટનાને પગલે વહીવટી જગ્યા ખાલી પડતાં મનપા તંત્રની કામગીરી સુચારુરૂપે ચાલતી રહે તે હેતુથી નવો વહીવટી આદેશ બહારી પાડવામાં આવ્યો છે. જે મુજબ સુરત સિટી લિંક લિમિટેડમાં ફરજ બજાવતા સેન્ટ્રલ ઓફિસના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર મેહુલકુમાર એસ. પટેલને ફરી વખત શિક્ષણ સમિતિના શાસનાધિકારીનો વધારાનો ચાર્જ સોંપાયો છે. ઉપરાંત સુમન હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અવિનાશ એ.પટેલને સુમન સેલના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસરનો ચાર્જ, જ્યારે સેન્ટ્રલ ઓફિસના એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર અને સિટી લિંકને વારંવાર વિવાદમાં લાવનાર ઉધના ઝોન-બીના ઈનચાર્જ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર પ્રવીણકુમાર આર. પ્રસાદને ફરી સિટી લિંક લિમિટેડના જનરલ મેનેજર તરીકેની કામગીરી સોંપવામાં આવી છે.

પાલ ચાર રસ્તા પર દર 8 દિવસે પાણીની પાઈપલાઈનમાં લીકેજ

હજારો લીટર પાણીનો બગાડ અને ટ્રાફિક સિગ્નલ પાસે ભૂવા પડતાં અકસ્માતનો ભય

વારંવાર લાઈન ભંગાણથી પાણીનો બગાડ અને અકસ્માતનો ભય

સુરત : શહેરના પોશ ગણાતા પાલ ચાર રસ્તા નજીક તંત્રની બેદરકારી અને નબળી કામગીરીને કારણે દર 8 દિવસે મુખ્ય પાણીની લાઈનમાં ભંગાણ સર્જાવાની ગંભીર સમસ્યા સામે આવી છે. વારંવાર લાઈન તૂટવાના કારણે દર આઠ દિવસે હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહી જઈને વેડફાઈ રહ્યું છે. વારંવાર સમારકામ કરવા છતાં કાયમી ઉકેલ આવવાને બદલે ટર્નિંગ પોઈન્ટ પર જ ટ્રાફિક સિગ્નલ નજીક મોટો ખાડો પડી ગયો છે. આ વ્યસ્ત ચાર રસ્તા પર દરરોજ હજારો વાહનો પસાર થાય છે, જ્યાં ખાડાના કારણે વાહનચાલકો સ્લિપ થઈ જવાનો અને અકસ્માત સર્જાવાનો ભારે ભય ઉભો થયો છે. તંત્ર દ્વારા યોગ્ય સુરક્ષા કાર્યો ન કરાતા પુર્વ કોર્પોરેટરે પોતે આગળ આવીને અકસ્માત અટકાવવા માટે બેરિકેડ મૂકવાની ફરજ પડી હતી.

સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં આ નબળી કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર એક જ જગ્યાએ પાણીની લાઈન તૂટતી હોવાથી કોન્ટ્રાક્ટર દ્વારા કરાતા કામની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે. તંત્ર દ્વારા માત્ર થાગડથીગડ રિપેરિંગ કરવાને બદલે જવાબદાર અધિકારીઓ પોતે સ્થળ પર રૂબરૂ ઊભા રહીને આ સમસ્યાનો કાયમી નિકાલ લાવે તેવી માંગણી કરવામાં આવી રહી છે.

માત્ર કોન્ટ્રાક્ટરના ભરોસે કામ છોડવાને બદલે મનપાના ઉચ્ચ અધિકારીઓ સ્થળ મુલાકાત લઈ મજબૂત અને ગુણવત્તાયુક્ત કામગીરી કરાવે જેથી હજારો લીટર પાણીનો બગાડ અટકે અને વાહનચાલકોને ખાડા તથા ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળે.

કરોડોનાં હીરા ઠગાઈ કેસમાં રાજકોટનો લાલો જેલમાં રહેશે

સુરતનાં વેપારી પાસેથી દુબઈ હીરા મંગાવી સુરત લાવી વેચી મારી હતા, આરોપીના જામીન નામંજૂર

સુરતઃ Rapenet પોર્ટલ મારફતે સુરતનાં હીરા વેપારી પાસેથી રૂ.4.80 કરોડના હીરાનો ઓર્ડર આપી દુબઈ જઈ હીરા લાવી વેચી મારી ઠગાઈ કેસમાં રાજકોટનાં આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે લાલો મહીપતભાઈ ખેરડિયા ભાગી જવાની શકયતાંને ધ્યાને રાખીને એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. આરોપીની આ જામીન અરજીની સુનાવણીમાં બચાવ પક્ષે ફરિયાદી સાથે આરોપીનો સીધો વ્યવહાર નહોતો અને તેને સહઆરોપીઓની કબૂલાતના આધારે ખોટી રીતે સંડોવાયો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે સરકારી વકીલ મુંજાલ બ્રહ્મભટ્ટે રજૂઆત કરી હતી કે આરોપીઓએ Rapenet નામના ઓનલાઈન પોર્ટલ પરથી દુબઈ ખાતે રૂ.4,80,79,800ના હીરાનો ઓર્ડર આપ્યો હતો. આરોપી જૂન-જુલાઈ 2025 દરમિયાન સહઆરોપી હરિકૃષ્ણ ઉર્ફે હરી સાથે દુબઈ ગયો હતો અને હીરા પરત લાવી વેચ્યા હતા. રકમ ચૂકવાઈ ન હોવાનું પણ તપાસમાં સામે આવ્યું હોવાનું રજૂ કરાયું હતું. બન્ને પક્ષની રજૂઆત બાદ તપાસ અધિકારીનું સોંગદનામુ, દલીલોને ધ્યાને રાખી કોર્ટે નોંધ્યું હતું કે આરોપી લાંબા સમયથી ભાગેડું હતો. અરજદાર આરોપીને જામીન આપવામાં આવે તો તે જામીનની શરતોનો ભંગ કરીને ફરાર થઈ શકે અને ટ્રાયલમાં વિલંબ કરી શકે તેવી શક્યતા છે. જેથી જામીન અરજી નામંજૂર કરી હતી.

પુમાના ડુપ્લિકેટ બૂટ-ચંપલ વેચતા ઉધનાના ત્રણ વેપારી ઝડપાયા

ઉધનાના અરિહંત કોમ્પ્લેક્સની ત્રણ દુકાનમાં CID ક્રાઇમના દરોડામાં રૂપિયા ૧૨.૭૨ લાખનો બનાવટી માલ જપ્ત

સુરત : ઉધના વિસ્તારમાં જાણીતી 'પુમા' (PUMA) કંપનીના નામ અને લોગોનો ઉપયોગ કરી ડુપ્લિકેટ બૂટ, ચંપલ અને સ્લીપરનું વેચાણ થતું હોવાની ફરિયાદના આધારે CID ક્રાઇમ સુરત ઝોને કાર્યવાહી કરી ત્રણ વેપારીઓને ઝડપી લીધા હતા.

રાજસ્થાનના અજમેર ખાતે રહેતા અને કંપની વતી કામ કરતા પવન પ્રદ્યુમન પલાસરે નોંધાવેલી ફરિયાદના આધારે CID ક્રાઇમની ટીમે ૧૬ સપ્ટેમ્બરના રોજ હરીનગર-૧ સ્થિત અરિહંત કોમ્પ્લેક્સમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન કોમ્પ્લેક્સમાં આવેલી શિવ ફૂટવેર, પ્રેમ ટ્રેડીંગ ફૂટવેર અને સાગર ફૂટવેર નામની દુકાનોમાંથી પુમા કંપનીની કથિત બનાવટી પ્રોડક્ટ્સ મળી આવી હતી. પોલીસે કાર્યવાહી દરમિયાન ગજાનંદ હરીશચંદ્ર માંડવ (ઉં.વ. ૪૨, રહે. ધીરજનગર-૧, ગોડાદરા નહેર રોડ), પ્રશાંત રાજેન્દ્રકુમાર અગ્રવાલ (ઉં.વ. ૩૦, રહે. શ્રુગાલ હોમ્સ, ડી-માર્ટ પાસે, બમરોલી) અને સાવલારામ રાવતારામ ચૌધરી (ઉં.વ. ૪૮, રહે. હરીનગર-૧, ઉધના)ની ધરપકડ કરી હતી. CID ક્રાઇમે કુલ રૂપિયા ૧૨,૭૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા ડુપ્લિકેટ માલનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવતો હતો અને તેના વેચાણમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

ચેક રિટર્નના કેસમાં ચેન્નાઈના બે ભાગીદારને સજા

સુરતઃ ચેન્નાઈની અમરાવતી ગારમેન્ટસ મેન્યુફેકચરિંગ કંપનીના ભાગીદાર થુરાઈ સબળીકુમાર ઓલ્લાઘી કપ્પુસ્વામી તથા થુરાઈ કૌશલ્યાદેવીને કોર્ટે ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા ફટકારી હતી. મૂળ ફરિયાદી પ્રતિક તુલસ્યાન પાસેથી માલ ખરીદી પેમેન્ટ પેટે કુલ્લે રૂ.૨૨,૬૫,૦૦૦ના ત્રણ ચેક આપ્યાં હતાં. જે રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે વકીલ ધર્મેશ ગાંધી તથા ભાવેશ ચલીઆવાલાની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે ભાગીદારોને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ કરતાં બમણી રકમ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. આરોપીઓ હાજર ન રહેતાં તેઓ વિરુદ્ધ બિનજામીનલાયક વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

પુણાગામમાં ૪ વર્ષના બાળકનું પહેલા માળેથી પટકાતાં મોત

રમતા રમતા નીચે પટકાયો માસૂમ, સારવાર માટે લઈ જવાતા તબીબે મૃત જાહેર કર્યો

સુરત : સુરતના પુણાગામ વિસ્તારમાં ઘરમાં રમતા રમતા પહેલા માળેથી નીચે પટકાયેલા ચાર વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત થયું હતું. ઘટનાને પગલે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની નિલેશભાઈ પ્રજાપતિ હાલ પુણાગામની રાધેસ્વામી સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. તેઓ રિક્ષા ચલાવી પત્ની અને બે પુત્રનું ભરણપોષણ કરતા હતા. ગઈકાલે રાત્રે નિલેશભાઈના બંને પુત્રો ઘરના પહેલા માળે રમતા હતા. દરમિયાન રમતા રમતા ચાર વર્ષનો વંકુ અચાનક પહેલા માળેથી નીચે પટકાયો હતો. બાળકને ગંભીર ઈજાઓ થતાં પરિવારજનો તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ વંકુને મૃત જાહેર કર્યો હતો. રમતા રમતા બનેલી આ અચાનક ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. જે ઘરમાં થોડા સમય પહેલાં બાળકના હાસ્યથી ખુશી છવાયેલી હતી, ત્યાં માસૂમના મોતથી માતમ છવાઈ ગયો હતો.

ઉન પાટિયાના ભંગારના ગોડાઉન